**આંક ૧૩ લગત હુકમઃ–**

==================================================

(૧) હાલની અરજી સૂચિત પક્ષકાર કમલેશકુમાર દશરથલાલ મોદીએ હાલના દાવામાં પ્રતિવાદી તરીકે જોડાવવા કરેલી છે. હાલની અરજીની ટુંકમાં હકિકતો એવી છે કે, આ દાવાના વાદીએ પ્રતિવાદી સામે તા. ૨૮–૬–૧૩ ના રોજ કહેવાતો બાનાખત જે બાનાખત પાટણ સીટી સર્વે કચેરીના રેકર્ડ ઓફ રાઈટ્સના સીટ નં. ૧૧૬ ના સર્વે નં. ૧૧૫૩ ના અનુસંધાનમાં થયેલો છે. આ કામના પ્રતિવાદી શાહ નિતીનકુમાર ધીરજલાલ તેમજ તેમના પત્ની સામે હાલના અરજદારે અત્રેની અદાલતમાં સ્પે.દિ.મુ.નં. ૮૬/૧૩ દાખલ કરેલો છે. જેમાં રૂ. ૩૮,૫૦,૦૦૦/– વસુલ લેવાની માંગણી કરેલી છે અને તે દાવામાં દાવાઅરજીની સાથે શાહ નિતીનકુમાર ધીરજલાલ તથા તેમના પત્નીની મિલ્કતો અવલ જપ્તીમાં લેવાની માંગણી કરેલી છે અને સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં જે મિલ્કતને અવલ જપ્તીમાં લેવાનો ઉલ્લેખ કરેલો છે તે જ મિલ્કતના વેચાણ દસ્તાવેજ બાબતે હાલના દાવામાં પ્રતિવાદી વિરૂધ્ધ માંગણી થયેલી છે અને તે જ મિલ્કતના વેચાણ દસ્તાવેજ બાબતે હાલના દાવામાં વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ દાદ માંગેલી છે. આમ આ દાવો વાદી અને પ્રતિવાદીએ ભેગા મળી અરજદારના હક્ક–અધિકારને ડુબાડવા માટે કરેલો છે. અરજદારનું એવું પણ માનવું છે કે, આ દાવા અરજીના વાદી ચૌધરી વિનોદકુમાર બબારામે આ દાવાના પ્રતિવાદી શાહ નિતીનકુમાર ધીરજલાલ સામે વાદગ્રસ્ત મિલ્કત વેચાણ લેવા બાબતે કરેલ દાવા અરજમાં અરજદારનું હિત સમાયેલું છે. જેથી આ દાવામાં તેઓ જરૂરી પક્ષકાર છે. જો આ દાવામાં પક્ષકાર તરીકે જોડવામાં ન આવે તો અરજદારનું હિત જોખમાય તેમ છે. તેમજ સદરહું દાવામાં જે મિલ્કતનો પ્રશ્ન સંકળાયેલો છે તે જ મિલ્કતના અનુસંધાને સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ દાખલ કરેલ છે અને તે કામે અરજદારે અવલ જપ્તીની માંગણી કરેલી છે તે પણ પેન્ડીંગ છે. જો આ દાવામાં પ્રતિવાદી તરીકે હાલના અરજદારને જોડવામાં ન આવે તો હાલના પ્રતિવાદી સદરહું મિલ્કત એકબીજાના મેળાપીપણામાં વેચાણ આપી દે, અથવા તેવો હુકમ

થાય, અથવા મેળવે તો અરજદારની દાવા અરજીનો કોઈ અર્થ રહે નહિ અને અરજદારને ગંભીર અન્યાય થાય તેમ છે. સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ ની એક નકલ તેમજ આ દાવાના પ્રતિવાદી અને અરજદારના દાવાના પ્રતિવાદીએ અવલ જપ્તીના અનુસંધાનમાં જે જવાબ રજુ કરેલો છે, તે ધ્યાને લેતાં આ દાવામાં હાલના અરજદારે પ્રતિવાદી નં. ૨ તરીકે જોડાવવા હાલની અરજી કરી માંગણી કરેલી છે.

(૨) સદરહું અરજીનો વાદી કે પ્રતિવાદીએ કોઈ લેખિત જવાબ રજુ કરેલો નથી.

(૩) સદરહું અરજી અન્વયે અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.એમ.બારોટ તથા વાદી તરફે વિ.વકીલશ્રી આર.જે.વાણીયા તથા પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી પી.બી.વેલાણીની દલીલો સાંભળી.

(૪) આ કામમાં અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.એમ.બારોટ તેમની દલીલમાં જણાવે છે કે, સી.પી.સી. ઓર્ડર–૧ રૂલ–૧૦(૨) મુજબ અત્રેની અદાલતને ન્યાયીક નિર્ણય માટે કોઈ પણ પક્ષકારની હાજરીની જરૂર હોય અથવા તો કોઈ પણ પક્ષકારનું હિત દાવાવાળી મિલ્કત સાથે જોડાયેલું હોય તો તેવે વખતે તે જરૂરી પક્ષકાર ગણાય અને તેને આ દાવામાં પક્ષકાર તરીકે જોડવા જોઈએ. વિશેષમાં એવી પણ દલીલ કરેલી છે કે, સદરહું દાવાવાળો બાનાખત તા. ૨૮–૬–૨૦૧૩ ના રોજ થયેલો છે અને તેની નોંધણી તા. ૬–૭–૨૦૧૩ ના રોજ થયેલી છે અને બાનાખત મુજબ બાકીની રકમ રૂ. ૮,૦૦,૦૦૦/– તા. ૧–૭–૨૦૧૩ ના રોજ આપેલી છે. હાલના અરજદારે આ દાવાના પ્રતિવાદી તથા તેમના પત્ની સામે સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ નો દાખલ કરેલો છે. જે દાવો ચેકના અનુસંધાને છે અને તે દાવામાં હાલની દાવાવાળી મિલ્કત અવલ જપ્તીમાં માંગેલી છે. જો આ દાવામાં વાદી અને પ્રતિવાદી ભેગા મળી સમાધાન કરે અને હુકમનામું મેળવી લે તો સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં જે મિલ્કત ઉપર હાલના અરજદારે અવલ જપ્તી માંગેલી છે તેનો કોઈ અર્થ રહે નહિ. આમ અરજદારના

સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં અવલ જપ્તીની માંગણી કરેલી છે તે માંગણીને નકામી કરાવી દેવાના હાલના વાદી અને પ્રતિવાદીના બદ આશયથી હાલનો દાવો કરેલો છે અને બંને પક્ષકારોએ કરાર દાદથી હુકમનામાની માંગણી કરેલી છે જે કાયદેસર નથી. જેથી પણ આ દાવામાં હાલના અરજદારને પક્ષકાર તરીકે જોડવા જોઈએ.

જયારે વાદી તરફે વિ.વકીલશ્રી આર.જે.વાણીયા તેમની દલીલમાં જણાવે છે કે, આ દાવામાં વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે સમાધાન થયેલું હોય પક્ષકાર તરીકે જોડવાની જરૂર નથી.

જયારે પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી પી.બી.વેલાણી તેમની દલીલમાં જણાવે છે કે, હાલના અરજદારને પ્રતિવાદી તરીકે જોડવાની માંગણી કરવામાં આવેલી છે જે આંક ૧ ની દાદ પ્રતિવાદી નં. ૧ વિરૂધ્ધની છે. નિશાની ૪/૧ નો જે બાનાખત થયેલો છે તેમાં હાલના અરજદાર સૂચિત પક્ષકાર નથી. નિશાની ૪/૧ નો કરાર સૂચિત પક્ષકારના દાવા પહેલાનો છે. સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં આખી મિલ્કત અવલ જપ્તી કરવાની માંગણી કરેલી છે. જયારે દાવાવાળી મિલ્કત ઉપર સૂચિત પક્ષકારોનો કોઈ લીયન નથી. તેમજ સૂચિત પક્ષકાર એટલે કે હાલના અરજદારે સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં હાલના વાદીને પક્ષકાર તરીકે જોડેલા નથી. તેમજ લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટની કલમ-૨૨(૨) મુજબ જયારે પક્ષકારો રાજીખુશીથી દાવામાં સમાધાન મુકતા હોય તો તે સમાધાન મુજબ હુકમનામું કરી આપવું જોઈએ. જેમાં સી.પી.સી.ની જોગવાઈ લાગુ પડે નહિ. જેથી હાલની અરજી રદ કરવા માંગણી કરેલી છે.

આ કામમાં પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી પી.બી.વેલાણીએ તેઓની દલીલના સમર્થનમાં ૨૦૦૮(૧) જી.એલ.એચ. ૪૬૧ ના જજમેન્ટ ઉપર આધાર રાખેલો છે. તેમજ ૨૦૧૧(૦) જી.એલ.એચ.ઈ.એલ.-એસ.સી. ૫૦૩૨૪ ના જજમેન્ટ ઉપર આધાર રાખેલો છે. જયારે અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.એમ.બારોટે

તેઓની દલીલના સમર્થનમાં ૨૦૦૯(૨) જી.એલ.આર. ૧૪૩૬ ના જજમેન્ટ ઉપર આધાર રાખેલો છે.

(૫) આ કામમાં પક્ષકારોના વકીલની દલીલો સાંભળી અને હાલના અરજદારે તેઓની અરજીની સાથે રજુ કરેલ ડી.ઈ. લીસ્ટ ધ્યાને લેતાં હાલના અરજદારે આ દાવાના પ્રતિવાદી શાહ નિતીનકુમાર ધીરજલાલ તથા શાહ અમીબેન નિતીનકુમાર સામે સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ નો રૂ. ૩૮,૫૦,૦૦૦/– વસુલ લેવાનો દાવો કરેલો છે. જે દાવાની નકલ નિશાની ૧૨/૧ થી રજુ કરેલી છે અને નિશાની ૧૨/૨ થી સી.પી.સી. ઓર્ડર–૩૮ રૂલ–૫ ની અરજીની નકલ પણ રજુ કરેલી છે. જેમાં પાટણમાં આવેલ સીટ નં. ૧૧૬ સર્વે નં. ૧૧૫૩ તેમજ સીટ નં. ૧૧૫ સર્વે નં. ૧૫૨૫ વાળી મિલ્કતો અવલ જપ્તીમાં લેવાની માંગણી કરેલી છે. એટલે કે, સીટ નં. ૧૧૬ સર્વે નં. ૧૧૫૩ વાળી મિલ્કત જે અવલ જપ્તીમાં લેવાની માંગણી કરેલી છે, તે જ મિલ્કત અન્વયે હાલના દાવાના વાદીએ પ્રતિવાદી નિતીનકુમાર ધીરજલાલ શાહ સામે દાવો કરી તે જ મિલ્કત અંગે દાદ માંગેલી છે અને હાલના દાવામાં વાદી અને પ્રતિવાદીએ આંક ૧૫ થી કરાર દાદ મુકેલી છે અને તેમાં પ્રતિવાદીએ દાવાવાળી મિલ્કતનો પોતાનો હિસ્સો હાલના વાદીને વેચાણ કરવા માટેની કરાર દાદ માંગેલી છે. જે પ્રતિવાદીનું કૃત્ય હાલના અરજદારને સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં અવલ જપ્તીની જે અરજી કરેલી છે તેને એકદમ નેસ્તનાબૂદ કરી દેવાના પ્રયત્નમાં જણાય છે. જેથી હાલના અરજદારે આ દાવામાં પક્ષકાર તરીકે જોડાવવાની અરજી કરેલી છે તેમાં સીધી રીતે દાવાવાળી મિલ્કતમાં હાલના અરજદારનું કોઈ સીધું હિત જણાતું નથી, પરંતુ જે મિલ્કત અવલ જપ્તીમાં લેવાની માંગણી કરવામાં આવેલી છે, તે મિલ્કતમાં હાલના દાવાના પ્રતિવાદી પોતાનો હિસ્સો હાલના વાદીને વેચી નાંખવાની કોશીશ કરતા હોવાનું જણાય છે અને હાલના અરજદારના હિત ઉપર જોખમ ઉભું કરતા હોય તેવું સ્પષ્ટ જણાય છે. જેથી હાલના અરજદાર આ દાવામાં પણ જરૂરી પક્ષકાર છે અને આ દાવામાં વાદી અને પ્રતિવાદી મેળાપીપણામાં કોઈ પણ હુકમનામું મેળવે અને તે હુકમનામાથી હાલના

અરજદારની અવલ જપ્તીની અરજીને સીધી અસર થાય તેમ છે. જેથી હાલના અરજદાર આ દાવામાં જરૂરી પક્ષકાર છે તેવું આ અદાલત માને છે.

(૬) પ્રતિવાદી તરફે ૨૦૦૮(૧) જી.એલ.એચ. ૪૬૧ ઉપર તેમજ ૨૦૧૧(૦) જી.એલ.એચ.ઈ.એલ.–એસ.સી. ૫૦૩૨૪ ના જજમેન્ટ ઉપર આધાર રાખેલો છે અને એવી દલીલ કરેલી છે કે, લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટની કલમ–૧૯ અને ૨૦ મુજબ લોક અદાલતમાં કોઈ સમાધાન થતું હોય તો લોક અદાલતે સમાધાનની શરતો મુજબ જ નિર્ણય કરવાનો હોય છે, પક્ષકારોને સાંભળવાની જરૂર હોતી નથી.

અત્રેની અદાલત આ બંને જજમેન્ટો સાથે સંપુર્ણપણે સહમત છે, પરંતુ લીગલ સર્વિસ ઓથોરીટી એક્ટની કલમ–૨૨(૨) મુજબ કોઈ પણ સમાધાન એ વ્યાજબી અને પ્રમાણિકપણે હોવું જોઈએ. જ્યારે કોઈ સમાધાન વ્યાજબી અને પ્રમાણિક ન હોય અને રેકર્ડ ઉપર એવું આવે કે, આ સમાધાન ત્રીજા પક્ષકારના અધિકારને નુકશાન પહોંચાડશે, તો તેવા સંજોગોમાં એવું કોઈ પણ સમાધાન લોક અદાલતે નોંધવું જોઈએ નહિ, કે તેનાથી ત્રીજા કોઈ પક્ષકારને હાનિ થતી હોય.

ઉપર ચર્ચા કર્યા પ્રમાણે જો હાલના દાવાનું સમાધાન નોંધી આપવામાં આવે તો સૂચિત પક્ષકારને હાનિ પહોંચે તેમ છે. આ સંજોગોમાં આ દાવામાં પક્ષકારોએ જે સમાધાન રજુ કરેલું છે તે નોંધવાનું વ્યાજબી જણાતું નથી.

અરજદાર તરફે ૨૦૦૯(૨) જી.એલ.આર. ૧૪૩૬ ના જજમેન્ટ ઉપર આધાર રાખેલો છે. સદર જજમેન્ટમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલું છે કે, દાવાની વિષય વસ્તુ સાથે કોઈ પણ પક્ષકારોનો હક્ક કે ઈન્ટરેસ્ટ હોય તો તેને પક્ષકાર તરીકે જોડી શકાય. સદરહું ઓથોરીટી વંચાણે લેતાં એટલું ફલિત થાય છે કે, સબજેક્ટ મેટર ઓફ ધી સ્યુટ સાથે કોઈનો હક્ક ઉત્પન્ન થતો હોય તો તેને પક્ષકાર તરીકે જોડી શકાય. હાલના સૂચિત પક્ષકારની અરજી જોતાં તેઓનું સીધું મિલ્કત સાથે હક્ક, હિત

જોડાયેલું જણાતું નથી. પરંતુ સ્પે.દિ.મુ.નં. ૮૬/૧૩ નો દાવો હાલના સૂચિત પક્ષકારે હાલના પ્રતિવાદી સામે કરેલો છે. જે લેણી રકમ વસુલ લેવા માટેનો દાવો છે અને તે દાવામાં સી.પી.સી. ઓર્ડર–૩૮, રૂલ–૫ અન્વયે એટેચમેન્ટ બીફોર જજમેન્ટની અરજી પણ આપેલી છે અને તેમાં હાલની દાવાવાળી મિલ્કત જ જપ્તિમાં લેવાની માંગણી કરવામાં આવેલી છે. જેથી દાવાવાળી મિલ્કત બાબતે સૂચિત પક્ષકારનું આડકતરી રીતે નાણાંની વસુલાત માટેનું હિત સમાયેલું હોય તેવું જણાય છે. જેથી તે મિલ્કત અંગે કોઈ પણ વેચાણ વ્યવહાર થાય તો સૂચિત પક્ષકારે હાલના પ્રતિવાદી સામે કરેલ સ્પે. દિ.મું.નં. ૮૬/૧૩ માં સંભવિત હુકમનામા ઉપર સીધી અસર થાય તેમ છે. જેથી હાલના દાવામાં સૂચિત પક્ષકાર જરૂરી પક્ષકાર હોય જેથી પણ તેઓને પક્ષકાર તરીકે જોડવા જોઈએ તેવું હું માનું છું. જેથી આંક ૧૩ ની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

– અરજદારની આંક ૧૩ ની હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને તેઓને આ દાવામાં પ્રતિવાદી નં. ૨ તરીકે જોડવાનો હુકમ કરવામાં આવે છે અને આ અદાલતના બેંચ ક્લાર્કે સદરહું દાવામાં હાલના અરજદારને પ્રતિવાદી નં. ૨ તરીકે જોડીને તે મુજબનો દાવાઅરજીમાં સુધારો કરવો. દાવાઅરજીમાં સુધારો થયા બાદ હાલના અરજદારને પ્રતિવાદી નં. ૨ તરીકે જોડ્યા બાદ તેઓએ આ દાવામાં પોતાનો જવાબ રજુ કરવો.

હુકમ આજ રોજ તા. ૧૨, માહે–ઓક્ટોબર, સને ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨–૧૦–૨૦૧૩.
પાટણ.

**(જગદીશ ગાંડુભાઈ રૈયાણી)**
**જજ કોડ નં. જી.જે.૦૦૪૯૬**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ**
**પાટણ.**